## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

દર્દની એવી નિશાની હોય છે
જીવતી જાણે કહાની હોય છે
રાહ જોતા આંખ થાકી જાય પણ
એ વ્યથા કેવી મજાની હોય છે !
આપણે ઈતિહાસ લખવો કઈ રીતે?
એક સરખી જિંદગાની હોય છે
વ્યર્થ ધરતી પર નહીં શોધ્યા કરો
પ્રેમ એ તો આસમાની હોય છે

- યામિની વ્યાસ.

### પાથેય

- રમેશ ઠક્કર

# આસમાની ઉપહાર

દર્દની દાસ્તાન અનોખી હોય છે..દરેક માણસ પાસે એની તકલીફોનું એક લિસ્ટ હોય છે.મોકો મળે ત્યાં એ એનું વાચન શરૂ કરી દે છે.પોતે વેઠેલા અભાવો માણસ ક્યારેય ભૂલી શકતો નથી..સુખની છટા બધેય એકસરખી હોય છે અને એટલે જ સુખની પળો માણસ માટે વિશેષ બની નથી. પ્રત્યેક નવી મુશ્કેલી માણસને નવેસરથી જીવવા મજબૂર કરી જાય છે..અને એટલે જ એ એના હદયમાં કાયમ અંકિત થઈ જાય છે.એની નિશાની ઘણીવાર એવી ચોટદાર હોય છે કે મુસીબત જ માણસની ઓળખ બની જતી હોય છે !

તમામ અભાવો કંઈ દુઃખદાયી હોતા નથી..ઘણીવખત અભાવ પણ માણસનો સ્વભાવ બની જાય છે..અમુક વ્યથા પણ વ્હાલપ બની જાય છે..એનો અદકેરો આનંદ હોઇ શકે..વિરહ એ આમ જોઇએ તો એક વ્યથા છે..કોઇકની યાદમાં ઝૂરવું કે કોઇકના આગમન માટે તત્પર રહેવું એમાં એક ગમગીની હોય છે..આમછતાં કોઇ મનગમતી વ્યકિતની પ્રતિક્ષા માણસને એક રોમાંચ સાથે આનંદની અનુભૂતિ પણ કરાવતી રહે છે..

જગતમાં ચારેકોર એકધારી રીતે જીવતાં માણસોનો સમૂહ વસે છે.જે શ્વસે છે જન્મે છે,જીવે છે અને મરે છે..સુખ અને દુઃખની ઘટમાળ એ તમામના જીવનનો સાર છે..વિરહ મિલન મળવું ગુમાવવું એ જાણે બધાનો અનુભવ છે..એકસરખી જીવની એ આપણી નિયતી છે...આનો સાર લખવો હોય તો એક જ લીટી પર્યાપ્ત બની જાય..!એનો ઇતિહાસ લખવો એક મોટો પડકાર બની જાય છે !

આપણે ધરતી ઉપર જીવીએ છીએ..અને ચોક્કસ માપદંડો થકી જ જીવન જીવતા રહીએ છીએ..સ્થુળ જગતની ઉપલબ્ધિઓ એ જ જાણે આપણી ઇતિશ્રી બની જાય છે..દુનિયામાં આના સિવાયની અનુભૂતિઓ પણ હોય છે. એને જોવા કે પામવા માટે હદયની ભાષા કે ભીતર મનના ભાવો ઉપકારક બનતા હોય છે..એવી ચીજોને આપણે આસમાની કે અલૌકિક કહી શકીએ..લાગણી અનુબંધ કોઇ અણધારી મદદ કે કોઇકનો નિર્વ્યાજ પ્રેમ એ આસમાની ઉપહાર જેવાં હોય છે!

# ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના ધજાગરા

**તંત્રીસ્થાનેથી...**

દિલ્હીના આમ આદમી પાર્ટીની સરકારે ઉપરાજયપાલને પૂછ્યાગાછ્યા વગર જ જાહેર કરેલી નવી લીકર પૉલિસી નાણાંકીય સંદર્ભે કારગત નીવડી છે. દિલ્હીની પ્રજાને સારો અને સસ્તો દારૂ મળી રહે એ માટે સરકારે ગંભીરતાપૂર્વક ચિંતન મનન કરીને નવી દારૂનીતિ અમલમાં મૂકી છે. દિલ્હીવાસીઓ ખુશ છે. દિલ્હી પર આમ તો કેજરીવાલ અને સિસોદિયાની જુગલાજોડી રાજ કરતી લાગે અને અવનવાં 'મોડલ' રજૂ કરીને પંજાબમાં પણ એ પોતાની સરકાર બનાવી લે; ગુજરાતમાં ભાજપને ટક્કર આપી વિપક્ષની સરકાર બનાવવાનાં સપના જુએ - જે જોવાનો લોકતંત્રમાં એનો જન્મસિદ્ધ અધિકાર છે - પરંતુ ધારો કે એવું કંઈ થશે તો ગુજરાતમાં ગેરકાયેદસર ચાલતો દારૂનો ધીકતો ધંધો બંધ થઈ જશે, એનું શું ? આ પ્રશ્ન એટલા માટે જાગે છે કે ગુજરાતમાં જેટલો દારૂ પિવાય છે અને વેચાય છે એટલો કદાચ રાજધાની દિલ્હીમાં પણ પીવાતો કે વેચાતો હશે કે કેમ તે પ્રશ્ન છે. ફરક એટલો જ છે કે ત્યાં અધિકૃત દુકાનો પર દારૂ ખરીદનારાઓની લાઈનો લાગે છે જયારે ગુજરાતમાં દારૂબંધીનો કાગળિયો કાયદો અમલમાં હોઈ પીનારાને ગર્લફ્રેન્ડ સાથે છાનગપતિયાં કરતો હોય એમ જરાં ચોરીછૂપીથી પી લેવો પડે છે. એથી વસ્તુ ચોખ્ખી જ મળે એવી કશી ગેરંટી નથી હોતી. નશો ચડે એટલું પૂરતું છે, પછી છોને સ્વર્ગમાં બેઠાં બેઠાં ગાંધી બાપો બૂમો ને રાડો પાડતો ! અહીં કોણ નવરું છે એ ડોસાની કચકચ, સાંભળવા ? પીનારા તો પીવા જ છે. એમનો ગાંધીબાપો તો ઠીક, નરેન્દ્ર મોદી પણ નહીં રોકી શકે. જે 'જાન હથેલી મેં લે યાએ રે' વાળી ફિલ્મ ગીતની કડી ગણીગણીને પીઠા પર પહોંચે છે એને મન દારૂ - પછી એ કેન્દ્ર સરકારની નિગરાની હેઠળ બનતી 'અમૃત' બ્રાન્ડ વ્હિસ્કી હોય કે રોજીદ અને ચોકડી વાળો લઠ્ઠો - એનો કોઈ ભેદ ભાવ નથી રહેતો. મસ્તી આવે એટલે ભયો ભયો. બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાનાં ગામોમાં આવી મસ્તી ભલાભોળા ગ્રામજનોને મોંઘી પડી ગઈ છે. ડાહ્યા ગામ આગેવાનોએ તો દિનપ્રતિદિન વધતી બદી પ્રત્યે પોલીસથી લઈ મામલતદાર કક્ષાના અધિકારીઓનું ધ્યાન પર દોર્યું હતું. પરંતુ પીનારા તો આઠે પહોર આગવી ખુમારીમાં રહેતા હોય છે. એ કોઈ સરપંચ - બરપંચથી થોડા ડરે ? અને પોલીસને તો પીઠાવાળો હપ્તા પહોંચાડી ને રાજી કરતો હોય ! માનો કે ના માનો, ગુજારતમાં દારૂબંધી લોકો કરતાં ખાખી સમુદાય માટે આશીર્વાદરુપ નીવડી છે. આ વાત ધારાસભ્ય, સંસદ સભ્ય અને મંત્રી-તંત્રી-સંત્રી બધા જાણે પણ છે. આખરે વરસના વચલા દહાડે લઠ્ઠો એની કિંમત વસૂલે છે ત્યારે તંત્ર હાંફળું ફાંફલું થઈ દોડધામ મચાવી દે છે. એકાદ-બે પોલીસ અધિકારીઓ સસ્પેન્ડ થઈ જશે, દારૂનો ધંધો કરનાર અને એનો મિથાનોલ કેમિકલ સપ્લાય કરનાર જેલમાં જશે. પછી થોડા મહિમા બાદ બધું રાગે પડી જશે. બાકી કયાંક તેજના ટાપુ જેવાં એવા ગામ પણ છે. જયાં આખું ગામ સ્વેચ્છાએ સ્વયંશિસ્તપૂર્વક દારૂના દૈત્યથી છેટું રહે છે. યાદ કરો : દેશની આઝાદીની ચળવળનું સફળ નેતૃત્વ કરનારા મહાત્મા ગાંધીએ દારૂબંધી મુદ્દે કેવું આકરું વિધાન ઉચ્ચાર્યું હતું ! 'મને લીંબુ ઉછાળ સમય પૂરતો દેશનો સર્વસત્તાધીશ બનવા મળે તો સૌથી પહેલું કામ આ દેશમાંથી દારૂને દેશવટો આપવાનું કરું.' શબ્દફેરે આ વાત આપણા વર્તમાન નેતાઓ પણ કરતા જ રહેશે પણ શું દારૂને દેશવટો આપવાનું કામ એટલું સહેલું છે.

# ઘેઘુર અવાજના માલિક : ભૂપિન્દર સિંહ

**મન-રંજન**
**દ્વનિલ પારેખ**



કિસી નજર કો તેરા ઈંત્ઝાર આજ ભી હૈ, કહાં હૈ તું કિ યે દિલ બેકરાર આજ ભી હૈં - ઐંતબાર ફિલ્મની આ ગઝલના ગાયક અને જેમનો ઘેઘુર અવાજ હતો એ ભૂપિન્દ્ર સિંહનું ગત દિવસોમાં ૮૧ વર્ષની ઉંમરે અવસાન થયું હતું. એ સાથે ગઝલ ગાયકીનો એક મહત્ત્વપૂર્ણ અવાજ લુપ્ત થયો. ભૂપિન્દર સિંહના અવાજની એક મર્યાદા હતી પણ એમને જે ગીતો ગાયાં, ગઝલો ગાઈ, ગુજરાતી ગીતો ગાયાં એમાં એમના અવાજની હૃદયસ્પર્શીતા અદ્ભૂત હતો. 'બાઝાર' ફિલ્મની નઝમ 'કરોગે યાદ તો હર બાત યાદ આયેગી, નિગાદ દૂર તલક જો કે લૌટ આયેગી' પણ એમના અવાજની ઓળખ સમાન ગાયિકી હતી. આ નઝમમાં આવતી આ પંક્તિઓ 'ગલી કે મોડ પર સૂના સા કોઈ દરવાજા' પંક્તિ વખતનું ફિલ્માંકન અને એ વખત અવાજમાં આવેલો ઠહેરાવ એક જુદો જ કાવ્યાત્મક અનુભવ કરાવે છે.



ગુજરાતી ભાષાનાં ગીતો સંદર્ભે ભૂપિન્દ્ર સિંહને યાદ કરવા હોય તો પહેલું 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' રાવજી પટેલનું અમર ગીત યાદ આવે અને એટલું જ અદ્ભૂત એનું જિત મર્ચંટે કરેલું સ્વરાંકન ! મૃત્યુ વિષયક આ ગીત લગ્નગીતના ઢાલમાં રચાયેલું અને શરૂઆત જ શરણાઈના સૂરથી થાય છે. અને આખું ગીત હૃદયની આરપાર તમને વીંધી નાખે છે. એમાં શબ્દો, સ્વરાંકન ઉપરાંત સ્વરનો પણ એટલો જ મહત્ત્વનો ફાળો હતો.

હિન્દી ફિલ્મોમાં ગીત-સંગીત ક્ષેત્રે ગુલઝાર અને આર.ડી. બર્મનની જોડીએ કમાલના ગીતો આપ્યા છે. ગુલઝાર હોય એટલે શબ્દોની નજાકત હોય અને એટલું જ સુંદર આર.ડી. બર્મનનું સ્વરાંકન હોય. 'મૌસમ' ફિલ્મનું ભૂપિન્દરનો અવાજ સંજીવકુમારને અનુરુપ હોય એ રીતે રજૂ થયો છે. ફિલ્મ 'પરિચય'નું 'નામ ગુમ જાયેગા, ચહેરા યે બદલ જાયેગા' ગીત પણ યાદ કરો. એમાંનો અવાજ પણ સ્પર્શી જશે. ભૂપિન્દર - મિતાલી યુગલને સંગીતને સમર્પિત હતું. છતાં એમ લાગે કે ભૂપિન્દરના અવાજનો જે રીતે હિન્દી સિનેમા માટે ઉપયોગ થવો જોઈએ, એવો થયો નથી. ફિલ્મ 'ઘરૌંદા' નું ગીત પણ યાદ આવે, 'એક અકેલા ઈસ શહર મેં, રાત ઔર દોપહર મેં, આબોદાના ઢૂંઢતા હૈ, આશિયાના ઢૂંઢતા હૈ' ભૂપિન્દરે ગાયેલા મોટાભાગના ગીતો જાણીતા બન્યા, લોકોને ગણગણવાનું ગમે એવાં બન્યા છતાં બહુ ઓછાં ગીતો ગાવાની એમને તક મળી. 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા.' જેવું ગીત ગાનાર ભૂપિન્દરનો અવાજ હવે કાયમ માટે આથમી ગયો છે ત્યારે આ ગાયકને અલવિદા કહીએ.

### દિન મહિમા

- ડો. એ.પી.જે. અબ્દુલ કલામ ની પુણ્ય તિથિ, ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને વૈજ્ઞાનિક

### આજનું ઔષધ

- રોજ સવારે ખાલી પેટ લસણની ૨ કળીઓ ખાવાથી હાર્ટ અને કોલેસ્ટ્રોલની સમસ્યામાં ફાયદો થવાની સાથે જ બધાં પ્રકારના સંક્રમણ સામે લડવાની તાકાત વધે છે.

### ખડખડાટ

- પતિ ન્હાવા ગયો અને પત્નીએ ફોન ચેક કર્યો.... કોન્ટેક્ટમાં એક નાવ સેવ હતું CORONA પત્નીએ કોલ કર્યો, રિંગ રસોડામાં જ વાગી... પતિ હજી બાથરૂમમાં QURENTINE છે.

### આજનું વોટ્સએપ

- જે ઈશ્વર અચાનક વાતાવરણ બદલી શકતો હોયને સાહેબ એ ગમે ત્યારે પરિસ્થિતિ પણ બદલી જ શકે છે.. જરૂર છે તો માત્ર "ધીરજ" અને "શ્રદ્ધાની"

# હોય સાથે સતત છતાં, ખાલીપણું રડ્યા કરતું હોય, ને અહેસાસ માત્રથી આશ્વાસન મળે એમ પણ બને...

**એમ પણ બને**
**પારૂલ અમિત**



સોશિયલ મીડિયાથી બંધાયેલા સંબધો બધા ખરાબ નથી હોતા. હા ખરાબ હોય છે તો મેન્ટાલીટી જે તે માણસની.

જે લોકો માત્ર ડીપી ,સ્ટેટ્સ જોઈને વિકૃત માનસિકતાથી ફ્રેન્ડ બન્યા હોય એવાજ સંબધો ઘાતક નીવડે છે.

પરંતુ સારી ભાવનાથી જોડાયેલા સંબધો હંમેશા સારા જ હોય છે.

સોશિયલ મીડિયામાં આપણે છેતરાઈ જતા હોઈએ છીએ કારણ ક્યાંક ને ક્યાંક એ ઓનલાઇનની દુનિયા વધુ ફ્રીડેમ આપતી હોય છે, જે રિયલ લાઈફની દુનિયામાં આક્ષેપ, મેણાં ટોણા અને ટોર્ચર અનુભવતી વ્યક્તિ જલ્દી કોઈકની નજદીક આવવા લાગે છે.

ઘરની વ્યક્તિ જયારે મિત્ર બનવામાં ખરી નથી ઉતરતી ત્યારે વ્યક્તિ આવા સોશિયલ સંબધોમાં લાગણીઓ સાથે મિત્રતા બાંધી બેસે છે.

જીવનસાથી(ખાસ કરીને લેડીસ) જયારે સંસારમાં માત્ર તાણ અને શંકા જ આપતાં હોય ત્યારે માણસો પોતાની લાગણીઓને સોશિયલ મીડિયામાં જ ઠાલવવું વધુ પસંદ કરતાં હોય છે.

જોડે રહેનાર વ્યક્તિ જ વાતે વાતે દરરોજ કટાક્ષ કરી જીવનમાં અશાંતિ પેદા કરતી હોય છે, ત્યારે સોશિયલ મીડિયામાં આવતી કે મોકલાતી પોસ્ટ એક પ્રકારનું આશ્વાસન આપતી સાબિત થાય છે.

અમુક લોકો પોતાને મોર્ડન કહેતા ફરતા હોય છે, પણ ટેક્નોલોજીને પુરેપુરી સ્વીકારી નથી શકતા. ઘણું ઉપયોગી સાધન પુરવાર થાય એમ છે પણ જેને નેગેટિવ જ જોવું અને સમજવવું હોય એના માટે વ્યર્થ બધું.

ઘણા ખરા લોકો આ માધ્યમનો દુરઉપયોગ કરતાં હોય છે, પણ ક્યાંક ને ક્યાંક જવાબદાર આસપાસના લોકો જ હોય છે

અમુક વાર માણસ એટલી હદે પોતાના જ વ્યક્તિ દ્વારા હડધૂત થયેલો હોય છે, કે વોટ્સએપની કે ફેસબુકની ભાષામાં પોતાને સાંત્વના નો સાચો ભાવ વર્તાતો હોય છે.

ઘણા ખરા સંબધો જ્યાં નીતિ સાચી અને સાત્વિક હોય એ સાચા નીવડે જ છે.

પરંતુ જેની માનસિકતા માત્ર છેતરમણી અને કન્નિંજિ હોય એ સોશિયલ મીડિયા શું ઘરમાં અને ઘરની આસપાસ પણ આ જ કરે.

સાથે રહેતા સંબધો પણ અંત અને કંકાસ વાળા હોય છે,છેતરામણી વાળા.

તો બીજી બાજુ જે સંબધોની શરુઆત સોશિયલ મીડિયા થી થયેલ હોય એ સુખદાયી પણ નીવડતા હોય છે.

દરેક સંબધો નિર્ભર કરે છે માણસની માનસિકતા પર, પણ! સંબધોને ના સમજનાર અથવા ખોટા ચીતરનાર દંભી વ્યક્તિ પોતે કયારેય લાગણી સમજી શકતી નથી પછી એ ઓનલાઇન હોય કે ઓફલાઈન.

દરેક માણસના જીવનમાં રોજિંદા લાઈફમાં (જ્યાં મોર્ડન દેખાવું ગમે પણ માનસિકતા નેરો માઈન્ડેડ જ હોય ) દિવસે-દિવસે કંઈક ખાલી થતું જતું હોય છે. અને આવા સંબધોના ખેંચાણ ના લીધે જે આખરે શાંતિ અને સાંત્વના આપે છે એ સોશિયલ મીડિયા પર ના લાઈવ કોન્ટેક.

જ્યાં માણસ તરત જ પોતાની ફીલિંગ્સ રજૂ કરી શકે છે, શબ્દો ખૂટી પડે તો ઈમોજી દ્વારા પણ.

અંદરો અંદર ઘૂંટાતો માણસ આજે લાગણીઓ રજૂ કરતો થયો છે, માત્ર સોશિયલ મીડિયાના માધ્યમ થી.

આજની પેઢી ને લાઈવ રહેવું ગમે છે , કારણ એને રોજરોજ ઘૂંટાઈ ને, હડધૂત અને ડિપ્રેસનમાં રહેવું ગમતું નથી .એને સોશિયલ મીડિયા ગમે છે કારણ

સોશિયલ મીડિયાએ એક બ્રહ્માસ્ત્ર આપ્યુ છે ફ્રેન્ડ માટે ઓપન રિકવેસ્ટ અને બ્લોક નું ઓપ્શન પણ.

જો ના ગમે કોઈની વર્તણુક તો એ તરત દુર કરી દે અથવા પોતે દુર થઈ જાય, જે ઓફલાઈનની દુનિયામાં અઘરું છે.

દરેક સિક્કાની બે બાજુ હોય છે, જો આ માધ્યમને આપણે વધુ પડતું જીવનમાં ઉતારી લઈએ અને આપણી જરુરિયાત બનાવીએ ને તો આપણી કમજોરી બની જતું હોય છે.

જો ઘર ની કોઈ વ્યક્તિ સોશિયલમાં વધુ પડતું એક્ટિવ હોય તો ખુશુ થવું કે મુંજાયેલો આપણો માણસ પોતાની લાગણી ઠાલવે છે ક્યાંક જે આપણને કહી શકતો નથી.

નજીક ગણાતા આપણે કદાચ એના દિલ ના નેટવર્કથી તો દુર નથી જઈ રહ્યા ને વિચારવું રહ્યું, અને તરત જ આપણા સંબધો એની સાથે કેવા છે અને શું ખુંટે છે એ એક વાર દિલ થી જાણીએ અને પરસ્પર ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલીએ સંબધોની બેટરી લો થઈ જાય અથવા બીજું સીમ કાર્ડ જોડાઈ જાય અથવા ચેન્જ થઈ જાય એ પહેલા.

# મનની એલસીડી પર ઝબકેલું વાક્ય જ્યારે ઇનફાઈનાઇટ લુપ બને

**જાત સાથે વાત**
**ધર્મેન્દ્ર ત્રિવેદી**



સાધુ અને શયતાન . . .

અનુભવસિદ્ધ જ્ઞાનના આધારે માણસ પોતાના અભિપ્રાય બાંધે એ સમજી શકાય, પરંતુ માત્ર એક અનુભવના આધારે કોઈ સ્થિતિ, પરિસ્થિતિમાં કોઈના માટે કાયમી અભિપ્રાય બાંધવો, તે મુજબ તેની સાથે વર્તવું એ કેટલા અંશે વાજબી ગણાય? શું આપણે કરેલા કોઈ સદ્‌કાર્યને લોકો સદૈવ યાદ રાખે એવું જો ઇચ્છી શકતા હોઈએ તો, આપણે કરેલી કોઈ ભુલને લોકો ભુલાવી દે અને એ ભુલના સહારે આપણને લોકો કાયમી મુલવે એવું કેમ નથી ઈચ્છતા ? આપણે ઇચ્છીએ છીએ કે લોકો આપણી સારી બબતો યાદ રાખે અને નબળી ભુલાવી દે, પરંતુ સામે પક્ષે આપણે સદૈવ ઉલટુ જ કરીએ છીએ, લોકોની સારી બાબતો ભુલાવીને નબળી બાબતોને તાજીમાજી રાખીએ છીએ.

અમારા કોલેજકાળના મિત્ર-પુત્રની શાદી પ્રસંગે છેએએએએક દિવને અડીને આવેલા દરિયાકાંઠાના ગામડે જવાનું બન્યું. જાન ત્યાંથી ગઈ ધોરાજી. ત્યાંથી અમારા બાળપણની રાજધાની એટલે મોટી પાનેલી ગામ સાવ ઢૂંકડું. પાનેલીમાં થોડા દિવસો ભૂતકાળને જીવી, વળતી સફરમાં કારમાં એકલો. ડ્રાઇવિંગ દરમિયાન મનનાં પડદે કેટ કેટલી વાતો પસાર થયા કરેલી, પણ એક વાક્ય સ્વરૂપે અનાયાસે જ આવેલો વિચાર ચિત્તમાં ચોંટી ગયો.

"કોઈ કાયમ શેતાન નથી હોતું, અને
કોઈ કાયમ માટે સાધુ પણ નથી હોતું."

આ વાક્ય એટલું તો પ્રબળ રીતે ઝબક્યું કે એની પાછળ આખી વિચારમાળા ચાલી... સામાન્ય રીતે કોઈ વ્યક્તિ વિશે આપણને પ્રથમ જે માહિતી મળે તેના આધારે આપણે અભિપ્રાય બાંધી લઈએ છીએ ... પણ શું આ અભિપ્રાયો શાશ્વત હોઈ શકે ખરાં ? ના ... મને લાગે છે કે બિલકુલ ન હોઈ શકે ... કારણ કે ... આ વિશ્વ અને બ્રહ્માંડ ક્ષણે ક્ષણ સતત બદલાયા કરતું હોય છે, તો પછી આ જ બ્રહ્માંડના એક અણુના પણ અંશ જેવા આપણે, એક નબળી ક્ષણે એવું કશું કરી બેસીએ જે આપણને કાયમી ધોરણે શયતાન કે સાધુની કેટેગરીમાં સ્થાન આપી દે, એ કેટલું યોગ્ય છે . . . ? કોંક્રીટમાં પગલાંની છાપ હકીકતમાં તો કોંક્રીટના મૂળ ઢાંચામાં રહેલો અવકાશ જ હોય છે . . . સારું કે ખરાબ કૃત્ય આ જ રીતે આપણા નબળા માનસમાં અવકાશ જેવી છાપ છોડી જાય તો શું આપણી સમજણ કોંક્રીટ જેવી જડ ના ગણાય ?

એક બળાત્કારી કાયમ બળાત્કારી નથી હોતો, લૂંટારો હરેક ક્ષણ લૂંટારો નથી હોતો . . . જુઠ્ઠાબોલો દરેક ક્ષણે જુઠ્ઠો નથી હોતો . . . તેના જીવનની કેટલીયે ક્ષણોમાં તે કેટ કેટલું હોય છે . . . જીવનની બીજી ક્ષણોમાં એ જ બળાત્કારી, લૂંટારો અને જુઠ્ઠો શક્ય છે કે જ્ઞાની, સજ્જન, પરોપકારી, પ્રેમાળ અને એવું ઘણું બધું હોઈ શકે . . . .

અને એ જ રીતે . . . એક સાધુ પણ કાયમી સાધુ નથી હોતો, સજ્જન કાયમી સજ્જન નથી હોતો, દાનવીર અને ઉદાર જીવનની દરેક ક્ષણે દાનવીર કે ઉદાર પણ નથી હોતો . . . રામ-નામ જપવાની કરોડો અને અબજો ક્ષણોમાં સાધુ, સજ્જન અને દાનવીર તો કદાચ એ કોઈ ચોક્કસ ક્ષણો પૂરતો જ હોય છે . . . બાકીની ક્ષણોમાં એ કામી, લોભી, પાપી, ચીટર, લુચ્ચો અને ધુર્ત પણ ના હોઈ શકે..?

તો શું એક ક્ષણે આપણી નજરે જે વ્યક્તિ સારો એટલે તે સદૈવ સાધુ બની જાય, અને એજ રીતે બીજી કોઈ વ્યક્તિ શયતાન બની જાય . . . તો સાહેબ તમે જ બધા જણાવો કે કોઈને શાશ્વત સાધુ બનાવી દેવાની અથવા કોઈને શાશ્વત શયતાન ઠેરવી દેવાની આ મૂર્ખામી આપણે જે ક્ષણે આચારીએ છીએ એ ક્ષણ પૂરતા જ મૂર્ખ ગણાઈએ કે પછી "શાશ્વત મૂર્ખ" ગણાઈએ ?

**હેન્ડબ્રેક :**

ના, હું સંત નથી, સિવાય કે તમે એમ માનતા હો કે સંત એ પોતાનામાં પરિવર્તન લાવવા સતત મથી રહેલો પાપી છે.

- નેલ્સન મંડેલા

● ૯૯૭૮૪૦૫૯૬૭
- djtrivedi@gmail.com